# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## :: જાહેર નોટીસ ::

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટના નોટીફીકેશન પ્લાસ્ટીક વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ-૨૦૧૧, તા.૦૪-૦૨-૨૦૧૧ના રોજ નોટીફીકેશન બહાર પાડવામાં આવેલ છે. અગાઉના આ વિષયને લગતી પ્લાસ્ટીક મેન્યુફેક્ચર એન્ડ યુસેઝ રૂલ્સ-૧૯૯૯, સુધારા-૨૦૦૩ રદ થાય છે. આ નોટીફીકેશનના અનુસંધાનમાં મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં આવેલ સંબંધિત તમામને અમલ કરવાનો રહેશે.

(૧) કોઇપણ વ્યકિત વર્જીન પ્લાસ્ટીક અથવા રીસાઇકલેબલ પ્લાસ્ટીક અથવા કોમ્પોસ્ટેબલ પ્લાસ્ટીકની ૪૦ માઇક્રોનથી ઓછી જાડાઇવાળી બેગનું ઉત્પાદન, ઉપયોગ, વેચાણ કે સંગ્રહ કરી શકશે નહી.

(૨) રીસાઇકલેબલ પ્લાસ્ટીક અથવા કોમ્પોસ્ટેબલ પ્લાસ્ટીકમાંથી બનાવેલ કેરી બેગનો ઉપયોગ ખાદ્ય પદાર્થ રાખવા, લઇ જવા, વિતરણ-પેકેજ કરવા માટે ઉપયોગ કરી શકશે નહી.

(૩) ગુટખા, તમાકુ, પાન-મસાલાના સંગ્રહ, પેકેજીંગ તથા વેચાણ માટે પ્લાસ્ટીક મટીરીયલનો ઉપયોગ પર પ્રતિબંધિત છે.

નોટીફીકેશનમાં જણાવેલ તમામ નિયમોનું સબંધિત વ્યકિત/એકમોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે જરૂરી કાર્યવાહી કરી કાયદેસરના પગલાં લેવામાં આવશે. સદરહુ નોટીફીકેશનની નકલ મ્યુનિ. કોર્પોરેશનની વેબ-સાઈટ *www.egovamc.com* ઉપર ઉપલબ્ધ છે.

તા.૨૦/૦૪ /૨૦૧૧ આરોગ્ય ખાતા દ્વારા પ્રકાશીત...

**સ્વચ્છ શહેર, સુંદર શહેર, હરીયાળુ શહેર**